ક્રમાંક-આરટીઓ.ડી.એ.ઓવરલોડ.રાજ.ઓન ૧૮૦૨૨
પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરી,
માર્કેટ યાર્ડ પાસે, રાજકોટ.તા. ૧૬/૧૨/૧૦

પ્રતિ,
(૧) ચેરમેનશ્રી
રાજકોટ ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસીએશન
[illegible] ટ્રાન્સપોર્ટ ૩ ભક્તિનગર સ્ટેશન પ્લોટ
(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, રાજકોટ
..................................
..................................

વિષય- માલ વાહક વાહનમાં ઓવરલોડ માલ ન ભરવા અંગે.

શ્રીમાન,

ઉપરોકત વિષયે સંદર્ભે જણાવવાનું કે,મોટર વ્હીકલ્સ એકટ-૧૯૮૮ ની કલમ-૧૧૩ મુજબ માલવાહક વાહનમાં ભારવહન ક્ષમતા (ગ્રોસ વ્હીકલ વેઈટ) થી વધુ વજનનો માલ ભરવા પરવાનગી આપવા, ઓવરલોડ માલ ભરેલું માલ વાહન વાહન હંકારવા તેમજ ઓવરલોડ માલ ભરવામાં કારણભુત થવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.ઓવરલોડ માલ ભરવાના કારણે જાહેર માર્ગોને નુકશાન થાય છે અને માર્ગ અકસ્માત વધે છે. નામદાર સુપ્રિમકોર્ટે રીટ પીટીશન (સીવીલ) નં.૧૩૬/૨૦૦૩ (શ્રીમતિ પરમજીત ભસીન વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા) ના કેસમાં તા.૯/૧૧/૨૦૦૫ ના રોજ આપેલા ચુકાદામાં આ કાયદાકીય જોગવાઈઓનો ચુસ્ત અમલ કરવા આદેશ આપેલ છે.ઓવરલોડ માલ ભરવાના કારણસર નીચે મુજબની કાર્યવાહી હાથ ધરીશકાય છે.

૧) મોટર વાહન કાયદાની કલમ-૧૯૪ હેઠળ પ્રોસીકયુશનની કાર્યવાહી, આ કાર્યવાહી મોટર વાહન કાયદાની કલમ-૨૦૦ મુજબ માંડવાળ થઈ શકે છે.
૨) ઓવરલોડ ભરેલું માલ વાહક વાહન હંકારવા અથવા ઓવરલોડ ભરેલું માલવાહક વાહન હંકારવાની પરવાનગી આપવા અથવા ઓવરલોડ માટે કારણભુત બનવામાં કંપનીઝ એકટ હેઠળ નોંધાયેલ કોઈપણ કંપની જવાબદાર જણાય તો મોટર વાહન કાયદાની કલમ-૧૯૯ મુજબ આવો ગુનો બનેલ હોય તે વખતે જે વ્યકિત કંપનીનો કારભાર કરવા માટે જવાબદાર હોય તેવી વ્યકિત તેમજ કંપની પણ ગુનાહિત કૃત્ય બદલ જવાબદાર ગણાશે.
૩) મોટર વ્હીકલ્સ એકટ-૧૯૮૮ ની કલમ-૫૩(૧) (એ) મુજબ વાહનની નોંધણી અમુક સમય માટે મોકુફ કરવી.

વાહન વ્યવહાર ખાતાને રજુઆતો મળેલ છે કે, માલવાહક વાહનોના ડ્રાયવર/માલિકોને ઉદ્યોગગૃહો ધ્વારા ઓવરલોડ માલ ભરવાની ફરજ પડાય છે.જો આ રજુઆતમાં તથ્ય હોય તો તે ઘણી જ ગંભીર બાબત ગણાય. પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહ તરીકે માલવાહક વાહનોમાં ઓવરલોડ માલ ભરવાની બાબતે કારણભુત ન બનવા આપને વિનંતી કરવામાં આવે છે.

આ બાબતે રાજય વ્યાપી ચેકીંગ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે.જો માલ વાહન વાહનોમાં ઓવરલોડ માલ ભરવા બાબતે આપની કંપની જવાબદાર જણાશે તો આપની કંપની સામે મોટર વ્હીકલ્સ એકટ-૧૯૮૮ ની કલમ-૧૯૪, ૧૯૯ હેઠળ તથા અન્ય ઉપલબ્ધ કાનુની ઉપાયો મુજબ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જેની ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

આ સમગ્ર કાર્યવાહીમાં સહકાર આપવા આપને વિનંતી કરવામાં આવે છે.

પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી,
રાજકોટ